સુવિચાર : પ્રેમથી કરેલા કામમાં થાક નથી, અને વેઠથી કરેલાં કામમાં આનંદ નથી - મોરારિ બાપુ

તાપમાન
મહત્તમ : ૩૧.૫ ડીગ્રી
લઘુતમ : ૨૬.૦ ડીગ્રી
ભેજ
સવારે ૮૪ ટકા ● સાંજે ૬૮ ટકા

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૧૪૪ | ૩ ઓગસ્ટ, ૨૦૧૫, સોમવાર ; અષાઢ વદ - ૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ફટાફટ ન્યુઝ

- આંતરરાષ્ટ્રીય સરહદ પર પાક.નો ભીષણ ગોળીબાર
- ભારે વરસાદ : બંગાળમાં ૪૭, ઓરિસ્સામાં ૫ મોત
- બારક-૮ મિસાઇલનું ટૂંકમાં જ પરીક્ષણ કરવાની તૈયારી
- ઇકબાલ મિરચી હવાલા કેસમાં બ્રિટનનો હવે એલઆર વિનંતી
- ભારતીય ક્રિકેટ ટીમ આજે શ્રીલંકા પ્રવાસ માટે રવાના
- શાહરૂખના વાનખેડે પ્રવેશ પર પ્રતિબંધ અંતે ઉઠાવાયો
- અમરનાથ દર્શનાર્થે ૪૪૪ શ્રદ્ધાળુઓની ટીમ રવાના
- બિહારને વિશેષ દરજ્જાને ચૂંટણી માટે મુદ્દો બનાવાશે
- FPI દ્વારા જુલાઈ મહિનામાં ૫૩૨૩ કરોડનું રોકાણ કરાયું
- શેરબજારમાં ઉથલપાથલ હાલ યથાવત રહે તેવા સ્પષ્ટ એંધાણ
- રિલાયન્સ જીઓની ટૂંકમાં ટેલિકોમમાં ફરીથી એન્ટ્રી

# સંસદીય મડાગાંઠ ઉકેલવા આજે સર્વપક્ષીય બેઠક

### ચોમાસુ સત્રમાં કામગીરી ખોરવાયા બાદ બેઠક : લલિત મોદી અને વ્યાપમ કૌભાંડ સાથે સંબંધિત મુદ્દાઓ પર ચર્ચા વિચારણા કરાશે

## સર્વપક્ષીય બેઠક પૂર્વે આજે સોનિયા ગાંધી બેઠક કરશે

નવીદિલ્હી,તા. ૨

સંસદના મોનસુન સત્ર દરમિયાન કામગીરી સાનુકુળરીતે



ચાલે તે માટે ભાજપના નેતૃત્વમાં સરકાર દ્વારા બોલાવવામાં આવેલી સર્વપક્ષીય બેઠક પહેલા આવતીકાલે કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધી સાંસદો સાથે વાતચીત કરશે. સાંસદો સાથે સંસદની વ્યૂહરચના પર ચર્ચા વિચારણા કરવામાં આવશે. સોનિયા ગાંધી સોમવારે સવારે કોંગ્રેસ સંસદીય પાર્ટીની સામાન્ય સંસ્થાની બેઠકને સંબોધન કરશે.કોંગ્રેસના સભ્યો વિદેશમંત્રી સુષ્મા સ્વરાજ, રાજસ્થાનના મુખ્યમંત્રી વસુંધરા રાજે, મધ્ય પ્રદેશના મુખ્યમંત્રી શિવરાજસિંહ ચૌહાણના રાજીનામાની માંગણીને લઈને મક્કમ છે. આ તમામના રાજીનામાની માંગ કરીને ભારે ધાંધલ ધમાલ જારી રાખવામાં આવી છે.

નવીદિલ્હી,તા. ૨

મોનસુન સત્રમાં જારી રહેલી ધાંધલ ધમાલ વચ્ચે આવતીકાલે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં સર્વપક્ષીય બેઠક બોલાવવામાં આવી છે. મોનસુન સત્રમાં હજુ સુધી મોટા ભાગે કામગારી ખોરવાયેલી રહી છે. જેથી એક સપ્તાહથી ચાલી રહેલી મડાગાંઠનો અંત લાવવાના હેતુસર આવતીકાલે બેઠક બોલાવવામાં આવી છે. સરકારે તમામ મુદ્દે ચર્ચા કરવાની તૈયારી દર્શાવી હોવા છતાં કોંગ્રેસના સભ્યો લડાયક મુડામાં દેખાઈ રહ્યા છે. વર્તમાન સેશનમાં ભારે ધાંધલ ધમાલ રહી છે. લલિત મોદી વિવાદ અને વ્યાપમ કૌભાંડના મુદ્દે વિરોધ પક્ષોએ ભારે ધાંધલ ધમાલ કરતા રહ્યા છે જેના કારણે સંસદની કામગીરી ચાલી શકી નથી. કોંગ્રેસ પાર્ટી દ્વારા વિદેશમંત્રી સુષ્મા સ્વરાજ, રાજસ્થાનના મુખ્યમંત્રી વસુંધરા રાજે, મધ્યપ્રદેશના મુખ્યમંત્રી શિવરાજસિંહ ચૌહાણના રાજીનામાની પહેલા દિવસથી માંગણી કરી છે. આ તમામના રાજીનામાની માંગ કરીને ભારે ધાંધલ ધમાલ જારી રાખવામાં આવી જીએસટી જેવા ચાવીરુપ સુધારા બિલના પસારને રોકીને દેશને નુકસાન કરવાનો આક્ષેપ કોંગ્રેસ પાર્ટી ઉપર ભાજપ સરકાર તરફથી કરવામાં આવ્યો છે. સામ સામે આક્ષેપબાજીનો દોર ચાલી રહ્યો છે. સરકારે વિપક્ષની માંગ સમક્ષ ઝુંકવાનો કોઇ સંકેત આપ્યો નથી જેથી મડાગાંઠનો ઉકેલ કઇ રીતે લાવવામાં આવશે તે સંબંધમાં કોઇ સંકેત મળી રહ્યા નથી.



**સ્થાપના દિવસની ઉજવણી** - ગાંધીનગર શહેરના ૫૧મા જન્મદિવસની સાદગીપૂર્ણ ઉજવણી કરાઈ હતી... જ્યાં પ્રથમ ઈંટ મુકાઈ હતી તે જી.ઈ.બી. કોલોની ગેસ્ટહાઉસ ખાતે પૂજ્ય ફુલશંકર શાસ્ત્રીજીએ દીપ પ્રાગટ્ય કરી ૫૧માં વર્ષને વધાવ્યું હતું. આ પ્રસંગે શહેરના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. (તસવીર : દિપક જાની)

# આજે ગાંધીનગરમાં પાટીદારોની મહારેલી

### વિસનગરવાળી ન થાય તે માટે પોલીસ ફોર્સ બમણી તૈનાત કરી શહેરને પોલીસ છાવણીમાં ફેરવી દેવાયું : ૫૦ હજાર પાટીદારો રેલીમાં જોડાય તેવી શક્યતા : રેલી પર સરકારની વોચ : આઈ.બી.ની ટીમો ગોઠવાઈ ગઈ

ગાંધીનગર, તા. ૨

'પાટીદાર અનામત' માટે આવતીકાલે સોમવારે ગાંધીનગર શહેરમાં ઘ-૦થી સત્યાગ્રહ છાવણી સુધીની પાટીદારોની મહારેલી યોજાશે. આ રેલીમાં ૫૦ હજાર જેટલા પાટીદારો જોડાય તેવી શક્યતા છે. ત્યારે રેલી દરમ્યાન વિસનગરવાળી ન થાય તે માટે ગાંધીનગરમાં બંદોબસ્ત બમણો કરી દઈ પોલીસ છાવણીમાં ફેરવી દેવામાં આવ્યું છે. આજે પોલીસે બંદોબસ્તનું રીહર્સલ પણ કરી લીધુ છે. રેલી દરમ્યાન કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તેના પર વિશેષ ધ્યાન રાખવામાં આવી રહ્યું છે.

સરદાર પટેલ ગ્રુપ ગાંધીનગર દ્વારા આયોજીત પાટીદાર અનામત આંદોલન અંતર્ગતની મહારેલી સવારે ૮ વાગ્યે ગાંધીનગર ઘ-૦ થી નીકળશે. રેલીમાં ૫૦ હજાર જેટલા પાટીદારો જોડાશે અને રેલી સંપૂર્ણપણે ગાંધી ચિંધ્યા માર્ગે નિકાળવામાં આવશે તેવો આયોજકોનો દાવો છે.

● અનુસંધાન પાન-૭ પર

## મહારેલીનો પોલીસ બંદોબસ્ત

| | |
|---|---|
| ૧ | એસ.પી. અને ૧ એ.એસ.પી. |
| ૫ | ડી.વાય.એસ.પી. |
| ૧૨ | પી.આઈ. અને ૩૭ પી.એસ.આઈ. |
| ૭ | મહિલા પી.એસ.આઈ. |
| ૪૫૦ | પોલીસ જવાનો અને ૮૨ મહિલા પોલીસ |
| ૪૧ | ટ્રાફીક પોલીસ |
| ૨ | ● એસ.આર.પી. કંપની ● વોટર કેનન |
| | ● ક્વીક રીસ્પોન્સ ટીમો |

# બનાસકાંઠાના ૧૫૦ ગામમાં હજુ અંધારપટ

### અતિવૃષ્ટિથી માનવ મૃતાંક ૩૨, પશુ મૃતાંક ૧૩ હજાર થયો : ૧૫ લાખ ફુડપેકેટનું વિતરણ હજુ ૩૦ ગામો પાણીમાં ગરકાવ : ૧૫૦થી વધુ ગામોમાં હજુ પણ અંધારપટ

પાલનપુર, તા. ૨



બનાસકાંઠામાં ગત સપ્તાહે આવેલા ભારે વરસાદ અને વાવાઝોડાથી વ્યાપક ખુવારીથી નિર્દોષ પ્રજા તેમજ પશુઓના મોત થયા છે. આ ઘટનાને પગલે સાંસદ અને કેન્દ્રીય ગૃહ રાજ્યમંત્રી હરિભાઈ ચૌધરીએ આજે હવાઈ માર્ગે પૂરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લીધી હતી. બાદમાં આ અંગેની પાલનપુર ખાતેથી મિડીયાને સંપૂર્ણ માહિતી આપી હતી.

કુદરતી આફત સમાન ઉત્તર ગુજરાતમાં અતિવૃષ્ટિથી ભારે નુકશાન પહોંચ્યું છે. બનાસકાંઠાના મોટા ભાગના તાલુકાઓમાં તેની અસર સ્પષ્ટ દેખાય છે. અત્યાર સુધીમાં ૩૨ નિર્દોષ ગ્રામજનો અને ૧૩ હજાર જેટલા પશુઓનો ભોગ લેવાયો છે. હજુ પણ અનેક ઠેકાણે વરસાદી પાણી ભરાયેલા છે અને પાણી વહી જશે ત્યારે પશુ તેમજ માનવ મૃતાંક વધવાની શક્યતાઓ તોળાઈ રહી છે.

બનાસકાંઠામાં હાલ પણ એન.ડી.આર.એફ., પોલીસ આર્મી અને બી.એસ.એફ.ની વિવિધ ટુકડીઓ તૈનાત કરવામાં આવી છે. જે દિવસ રાત બચાવ કામગીરી કરી રહી છે. પૂરમાં ફસાયેલા કુલ ૩૧૦૦ નાગરિકોને હેલીકોપ્ટર અને રબર બોટ વડે બચાવી લેવામાં આવ્યા છે. તંત્ર દ્વારા અસરગ્રસ્તોને ૧૫ લાખથી વધુ ફુડપેકેટ અને પાણી તેમજ આરોગ્ય સેવાઓ આપવામાં આવી રહી છે.

જિલ્લાના હજુ ૫૦થી વધારે ગામો પાણીમાં ગરકાવ છે. ૭ દિવસ બાદ પણ ૧૫૦થી વધારે ગામોમાં અંધારપટ છવાયો છે. બનાસકાંઠામાં હજુ પણ પુરજોશમાં બચાવ કામગીરી ચાલી રહી છે.

## બનાસકાંઠામાં હજુ અનેક ગામો સંપર્ક વિહોણા : કોંગેસ

અમદાવાદ, તા. ૨

ભારે વરસાદના કારણે પુરમાં તારાજ થયેલ ઉત્તર ગુજરાતના પાટણ જિલ્લાના રાધનપુર, સાંતલપુર સહિતના તુલાકાના ગામડાઓની મુલાકાત લેતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ કમિતિના પ્રમુખ ભરતસિંહ સોલંકી અને વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા શંકરસિંહ વાઘેલાએ આજે સવારે સૌ પ્રથમ ઉત્તર ગુરાતના અસરગ્રસ્તોને રુબરુ સાંભળ્યા હતા. સાત દિવસ કરતા વધુ સમય થયો હોવા છતાં અનેક ગામો સંપર્ક વિહોણા છે. રાજ્ય સરકાર તરફથી કોઈ મુલાકાત લેવામાં આવી નથી કે દુઃખદર્દ સાંભળવામાં આવ્યા નથી. અનેક ગામોમાં વીજ પુરવઠો બંધ છે. પશુપાલકોના વ્યવસાય સાથે સંકળાયેલા ઉત્તર ગુજરાતના પશુપાલકોને પુરમાં ભારે તારાજી વેઠવી પડી છે. સૌથી વધારે દૂધ ઉત્પાદક ઉત્તર ગુજરાતમાં ભારે પુરના કારણે હજારો પશુઓ મોતને ઘાટ ભેટ્યા છે.

# ગાંધીનગર મેડીકલ કોલેજનું શૈક્ષણિક સત્ર મોડુ શરૂ થશે

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર મેડીકલ કોલેજનું શૈક્ષણિક સત્ર મોડુ શરૂ થશે. મેડીકલ કોલેજની બધીજ બેઠકો ભરાઈ જવા પામી છે.

ગાંધીનગર મેડીકલ કોલેજમાં મેરીટથી પ્રવેશ પાત્ર ૧૨૫ બેઠકો ભરાઈ જવા પામી છે. બીજી તરફ એન.આર.આઈ. ક્વોટાની બેઠકોનો મામલો ન્યાયાધીન હોવાથી આ બેઠકો ખાલી છે. ઓગષ્ટ મહિનો એ રાષ્ટ્રી અને સામાજિક તહેવારોથી ભરપુર મહિનો હોવાથી સત્તાવાળાઓએ શૈક્ષણિક સત્ર ઓગષ્ટના છેલ્લા સપ્તાહથી શરૂ કરવાનો નિર્ણય લીધો છે.

ગાંધીનગર મેડીકલ કોલેજ ચોથા વર્ષમાં પ્રવેશ કરી રહી છે. આ કોલેજમાં તપાસ સુવિધાઓ ઉપલબ્ધ હોવાને કારણે પ્રવેશ અને અભ્યાસ માટે વિદ્યાર્થીઓમાં સૌથી પ્રિય છે.

પ્રવેશ પ્રક્રિયામાં ત્રીજા દિવસે જ બધી જ બેઠકો કોલેજની ભરાઈ જવા પામી હતી.

મળતી વિગતો મુજબ કોલેજમાં પ્રવેશપાત્ર બધા જ વિદ્યાર્થીઓનું રિપોર્ટીંગ કરવાની કાર્યવાહી હાલ ચાલી રહી છે અને તે આ સપ્તાહમાં પૂર્ણ થઈ જશે. આ પછી ૧૫ ઓગષ્ટ સહિત અન્ય ધાર્મિક તહેવારોને લક્ષમાં રાખી એક સપ્તાહ શૈક્ષણિક સત્ર મોડો પ્રારંભ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.




